# " મદીનતુલ મસાઈલ "

સવાલ : દીકરા-દીકરીઓની ખતાનત વાસ્તે શરીઅતે ઈસ્લામ અને મઝહબે આલે મોહંમદ (અ.સ.) માં શું રગબત અને તાકીદ આવેલી છે ?

જવાબ : રસૂલે ખુદા (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, ખતાનત કરવી ફિતરત યાઅની ઈન્સાની પૈદાઇશમાં પાકીઝગી છે. આપે ફરમાવું કે, ઈસ્લામમાં કોઇ શખ્સ ખતાનત બગૈર ન રહેવો જોઇએ, પછી તે તેનાં વિલાદતનાં પહેલા વરસમાં જ કેમ ન હોય યા કે ૮૦ વરસનો કેમ ન થાય.

સવાલ : બદનની પૈદાઇશની તહારતમાં ઇબ્રાહીમ ખલીલુલ્લાહ (સ.અ.) પર અલ્લાહ તઆલાનું શું ફરમાન થયું ?

જવાબ : અમીરૂલ મુમેનીન હ.અલી (અ.સ.) થી રિવાયત છે કે, ૮૦ વરસની દરાઝ ઉમ્રમાં તમામથી પહેલે જેએ ખતાનત કરાવી તે હઝરત ઇબ્રાહીમ (અ.સ.) હતા. અલ્લાહતઆલાની આપ પર જે વકત વહ્ય નાઝિલ થઇ કે, પાક થઇ જાઓ તે વકત આપે આપની મૂંછનાં બાલને કતરા; તે બાદ પાછા પાક થાવાનો અમર થયો તો આપે નખને કાપા; તે બાદ દોબારહ પાક થાવાનો હુકમ થયો તો બગલના બાલને સાફ કીધા, તે બાદ ઔર પાક થાવાનો હુકમ થયો તો આનત યાઅની કે શર્મગાહનાં બાલને સાફ કીધા અને આખિરમાં પાક થાવાનો હુકમ થયો તો આપે ઝઇફી-સિન રસીદગીમાં ખતના કરાવી.

સવાલ : ફાતેમી-ઈસ્માઈલી મઝહબમાં દીકરીઓની ખતાનતનો શું હુકમ છે ?

જવાબ : અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) એ ફરમાવું કે, અય બૈરોની જમાઅત, તમે જે વકત તમારી દીકરીઓની ખતના કરો તો ચામડીનો થોડો હિસ્સો બાકી રહેવા દો. કેમ કે એથી દિકરીઓના જમાલ અને હુસ્નો રંગ ખીલે છે, બરકરાર રહે છે અને તે પોતાના શૌહરને નઝદીક ઝિયાદહ મહબૂબ અને લુત્ફ અન્દોઝ રહે છે.

સવાલ : દીકરીઓની ખતાનતની ઉમરમાં શું હુકમ આવેલો છે ?

જવાબ : દીકરીઓની ખતાનતનો શદીદ, તાકીદન હુકમ અને સખ્ત ફરમાન આવેલું છે, જે દીકરીની પાકીઝગી અને તહારતનો સબબ બને છે. દીકરીઓની ખતાનત સાતમા વરસમાં કરવી જોઇએ એ પહેલા નહીં. બૈરો જો સિન રસીદહ હોય તો પણ તેમને ખતાનત કરાવી લેવી જોઇએ.

સવાલ : ગૈર જમાઅતના દુખ્તરો વાસ્તે ખતાનતનો શું હુકમ છે ?

જવાબ : ગૈર જમાઅતના દુખ્તરોની ઈસ્માઈલી-તૈયેબી-અલવી દાઅવતમાં મીસાકનાં દાએરામાં દાખિલ થાતા પહેલા ખતાનત કરાવી લેવી જોઇએ. એમાં ઉમરનો કોઇ સવાલ રહેતો નથી અને આ અમર પર અમલ કરવામાં કોઇ રૂખ્સત આવેલી નથી.

સવાલ : ખતાનત બગૈરની ઔલાદ (દીકરા) વાસ્તે અમીરૂલ મુમેનીન હઝરત અલી (અ.સ.) નો શું કૌલે માસૂર છે ?

જવાબ : આપ (અ.સ.) એ ફરમાવું કે, તમારી ઔલાદની ખતાનત સાતમા દિન કરાવી લો. એમાં શરદી યા ગરમીની મૌસમ રૂકાવટનો સબબ ન હોવી જોઇએ, કેમ કે તે જિસ્મની પાકીઝગી છે. ખતાનત બગૈરની ઔલાદ જે વકત પૈશાબ કરે છે, તો ઝમીન પુકારીને ખુદાતઆલાની બારગાહમાં શિકાયત કરે છે.

સવાલ : "ઈસ્લામમાં કોઇ ખતાનત બગૈર રહે નહી" શરીઅતનાં આ હુકમમાં બગૈર ખતાનતના બચ્ચા ગુઝરી જાય તો શું હુકમ ?

જવાબ : બગૈર ખતાનતવાલા કમસિન બચ્ચા અગર ગુઝરી જાય તો મૈયતને ગુસ્લ દેતા પહેલા ખતાનત કરી લેવાનું ફરમાન છે.

સવાલ : ખતાનત વાલા પૈદા થયેલા દીકરાઓ વાસ્તે શું હુકમ ?

જવાબ : દાઅવતે હાદીયાહનાં ફિકહી સવાલો જવાબના કિતાબમાં બયાન વારિદ છે કે, જો ખતાનતની ચામડી થોડી પણ બહાર હોય તેને કતરાવી લેવું પસંદીદહ છે. ઘણા અંબિયા (અ.સ.) ને અલ્લાહતઆલાએ એ શરફ બખ્શો હતો કે તેઓ ફિતરી તહારત યાઅની ખતાનત શુદહ પૈદા થયા હતા.

દોઆતે યમાનીયાહ અને હિન્દીયાહ રિઝવાનુલ્લાહે અલયહિમના ઝમાનમાં આ બારામાં બીજા ઘણા મસાઈલ લખવામાં આવેલા છે, જે મસાઈલે ફિકહીયાહનાં મજમૂઆતમાં મૌજૂદ છે. પણ તેમાંથી બાઝ ની વઝાહત, જવાબાત અને ખુલાસાઓ દાઅવતે હક્કનાં બયાનાતનાં મેઅયારની તમીઝ, લેહાઝ અને અદબને મદ્દેનઝર રાખીને તેહરીર કરવામાં આવા નથી. લેહાઝા ખુસૂસન મુમેનાત આ સિલસિલાના મસાઈલની અરઝ દાઅવતની વઝારત પર બિલાતહાશા ગુઝારી શકે છે. ★

સવાલ : વુઝૂની હાલતમાં મસ્જિદમાં બેસવાનો શું સવાબ છે?

જવાબ : તે કોઇ જે વુઝૂની હાલતમાં મસ્જિદમાં બેસે તો જહાઁ તક હદસ ન કરે વહાઁ તક તેને નમાઝનો સવાબ હાસિલ થાય છે.

સવાબ : દુનિયાના ગુનાહો અને ખતાઓનો કફ્ફારો કઇ ચીઝથી થાય છે ?

જવાબ : મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આ કૌલ સાંભલો છે કે, મૌસમની સખ્તાઇની હાલતમાં વુઝૂ પૂરી કરવી અને એક નમાઝ બાદ બીજી નમાઝનો ઈન્તેઝાર કરવો દુનિયાના ગુનાહો અને ખતાઓનો કફ્ફારો છે.

સવાલ : મુમિન જે વકત વુઝૂથી પાક થાય છે તો શું કૈફીયત રૂનુમા થાય છે ?

જવાબ : જે વકત મુમિન વુઝૂ કરે છે તો એના ગુનાહ એ મુજબ પડી જાય છે જે મુજબ ખિઝાઁની મૌસમમાં દરખ્ત પરથી પત્તા ખરે છે.

સવાલ : રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) કઇ બે ખસલતમાં કોઇને શરીક થાવા નહોતા દેતા ?

જવાબ : આપ (સ.અ.વ.વ.) ફરમાવતા કે, મારી નમાઝની વુઝૂમાં અને મારા સાઇલને મારા હાથથી સદકો અદા કરવામાં હું કોઇને શરીક થાવા નહોતો દેતો. ★

સવાલ (૧) : અલ્લાહતઆલા રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની ઉમ્મતને બીજી ઉમ્મતોને દરમિયાન યૌમે કયામત કઇ હાલતમાં ઉઠાવશે?

જવાબ : યૌમે કયામત રસૂલે અકરમ (સ.અ.વ.વ.) ની ઉમ્મતને વુઝૂ કરવાની બરકતથી તેઓની પૈશાનીને રૌશન કરીને ઉઠાવશે.

સવાલ (૨) : રસૂલે અકરમ (સ.અ.વ.વ.)ને આસ્માન પર મેઅરાજ નસીબ થઇ તો ફરિશ્તાઓ કઇ બાબતમાં એકબીજાથી મુસાબેકત (હરીફાઇ) કરતા હતા?

જવાબ : મેઅરાજની રાતે રસૂલે અકરમ (સ.અ.વ.વ.)એ ફરિશ્તાઓને ત્રણ બાબતોમાં એકબીજાથી મુસાબેકત કરતા જોયા. ૧) સખ્ત ઠંડીમાં વુઝૂને પૂરૂં કરવું. ૨) જમાઅતની નમાઝ તરફ કદમરંજા થાવું. ૩) એક નમાઝ બાદ બીજી નમાઝનો ઈન્તેઝાર કરવો.

સવાલ (૩) : નમાઝની ઈમારત કયા ચાર થાંભલાઓ પર ઊભેલી છે?

જવાબ : ૧) વુઝૂને પૂરૂં કરવું. ૨) રૂકુઅને બરાબર અદા કરવું. ૩) સજદાને તેની તરતીબ મુજબ દેવું. ૪) ખુશૂઅ અને ખુઝૂઅ (નમનતાઇ).

સવાલ (૪) : વુઝૂ કરતી વકત આંખોમાં પાનીની છાલક મારવાથી શું હાસિલ થાય છે?

જવાબ : વુઝૂ દરમિયાન મૂઁહ ધોતા, આંખોમાં પાનીની છાલક મારવાથી ધકધકતી જહન્નમની આગ જોવાથી અમાન અને નજાત મીલે છે. ★

સવાલ : કોઇ શખ્સ બીમાર પડે યા તેને તાવ (બુખાર) આવે તો તેમાં સબર કરવા વાસ્તે શરીઅતમાં શું હુકમ છે ?

જવાબ : મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, રસૂલે અકરમ (સ.અ.વ.વ.) અન્સાર માંથી એક મરદની ઈયાદત (તબીઅત પૂછવા) વાસ્તે પધારા. તેએ આપના નઝદીક સખ્ત બુખારની શિકાયત કીધી, તો આપે ફરમાવું કે, બુખાર રબ્બુલ ઈઝઝતને તરફથી એક કિસ્મની તહારત-પાકી છે. તે બીમાર શખ્સ બોલો કે, "ના, બલ્કે બુખાર તો બુઢા ઝઈફ શખ્સને ખાઇ જાય છે, યહાં તક કે એને કબરમાં ઉતારી દે છે. આ સાંભલીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ગઝબનાક થઈને ફરમાવું કે, તારા સાથે પણ એવું જ થાશે..... ચંદ અય્યામમાં એ શખ્સ બીમારીમાં જ ગુઝરી ગયો. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, બીમાર શખ્સ એની હાલત પર સબરના સાથ કરાંજે તો એ વાસ્તે નૈકીઓ લીખાય છે અને અગર એ શિકવા શિકાયત કરે તો એ બેસબરો ઈન્સાન ગીનાય જેમાં એને કોઇ અજરો સવાબ મીલતો નથી.

મુમીન જે વકત કોઇ મરઝમાં ગિરફતાર થાય તો અલ્લાહતઆલાની રેહમત અને શિફાની ઉમ્મીદ રાખે, ન કે નાઉમ્મીદ થઈને શિકાયત કરે, જઝાઅ-ફઝાઅ કરે.

સવાલ : એક દિવસનો બુખાર કોના બરાબર છે ?

જવાબ : હદીસે નબવી છે કે, **એક દિવસનો બુખાર એક સાલનો કફફારો છે.** બાઝ તબીબના આ કૌલની હદીસે નબવીથી તસદીક થાય છે કે, એક દિવસનો બુખાર મરીઝને એક સાલ તક દર્દો અલમ અને ઈઝા પહોંચાવે છે.

સવાલ : બીમારના ગુનાહો ક્યારે બખ્શાય છે ?

જવાબ : મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, બીમાર અલ્લાહના કૈદખાનામાં છે જહાઁ તક એ પોતાની મિઝાજપુરસી વાસ્તે આવનાર લોગોને નઝદીક બીમારીની શિકાયત ન કરે, એના ગુનાહો મંજાય છે. જે કોઇ મુમિન બીમારીની હાલતમાં ગુઝરી જાય તો એ શહીદ ગીનાય. આમ તો હર મુમિન શહીદ છે ભલે ને એને કોઇ પણ તરીકાથી મૌત આવી હોય.

આપ (અ.સ.) એ ફરમાવું કે,જે વકત અલ્લાહ કોઇ બંદાને બીમારીમાં મુબ્તેલા કરે છે તો એનાથી ગુનાહોંને એની બીમારીની મિકદાર મુજબ મીટાવી દે છે. રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, ઈરશાદે ઈલાહી એમ છે કે, જે વકત હું મારા બંદાને કોઇ મરઝની બલામાં નાંખું છું અને તે ત્રણ અય્યામ તક તે પર સબર કરે છે યહાઁ તક કે એની તબીઅત પૂછનારાઓ નઝદીક કોઇ શિકાયત કરતો નથી તો હું તેના ગોશ્તને પાકો સાફ ગોશ્ત બનાવું છું અને તેના ખૂનને અફઝલતરીન ખૂન બનાવું છું. હવે જે વકત તે ગુઝરી જાય છે, તો હું તેને મારી રેહમતમાં ગુઝારૂં છું અને જે વકત હું તેને શિફા આપું છું, તો તેના કોઇ ગુનાહ હોતા નથી.

સવાલ : ઈયાદત (મરીઝની મિઝાજપુરસી) વાસ્તે શું હુકમ આવેલો છે ?

જવાબ : હદીસે નબવી (સ.અ.વ.વ.) છે કે, ત્રણ દિવસ પછી ઈયાદત કરવી જોઈએ અને મરીઝની ઈયાદત બૈરો ઉપર વાજિબ નથી. પોતાના શૌહરની ઈજાઝત બગૈર બૈરો કોઈની ઈયાદત વાસ્તે જાય નહીં. ઈયાદત કરતી વકત બીમારને નઝદીક કોઈ ચીઝ ખાય નહીં, અને જો આમ કરશે તો ઈયાદતનો સવાબ ઝાયેઅ થઈ જાશે.

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, મેં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને ફરમાવતા સાંભલા છે કે, **કોઇ પણ મુસલમાન બંદો કોઇ બીમારની ઇયાદત કરશે તો ૭૦,૦૦૦ ફરિશ્તા એના ઉપર સલવાત પઢશે.** હવે અગર એ દિનમાં ઈયાદત વાસ્તે ગયો હશે તો જે ઘડીમાં એ મરીઝ નઝદીક હશે તે ઘડીથી સૂરજ ગુરૂબ થાવા તક; અને અગર એ રાતમાં ગયો હશે તો ઈયાદતની ઘડીથી સૂરજના તુલૂઅ થાવા તક ફરિશ્તાઓ એના ઉપર સલવાત પઢશે. ★

**સવાલ :** જે વકત મૌત હાઝિર થાય (એહતેઝાર, નઝઅ, દમ તોડવું) તો કરાબતદારને એ મુમિન વાસ્તે શું અમલ કરવો જોઈએ ?

**જવાબ :** મૌ. અલી (અ.સ.) ફરમાવે છે કે, જે વકત રસૂલે અકરમ (સ.અ.વ.વ.) બનુ અબ્દુલ મુત્તલિબ માંથી એક મરદને નઝદીક હાઝિર થયા જેના આખિરી સાઁસ હતા અને કિબ્લારૂ સુતેલા ન્હોતા, તો આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “એને કિબ્લારૂ કરી દો એ તરહથી કે જે વકત એ ઊઠે તો એનો ચહેરો કિબ્લ તરફ મોતવજ્જેહ હોય. આમ તમેં કરશો તો ફરિશ્તાઓ એના પર નાઝિલ થાશે અને અલ્લાહ પણ એના તરફ મોતવજ્જેહ થાશે. જહાઁ તક એ બીમારની રૂહ કબ્ઝ નહીં થાય વહાઁ તક એ રેહમતે ઈલાહીના સાયામાં રહેશે.” બીમારને કિબ્લારૂ કરવાનો મતલબ એ થાય છે કે એના પગ મગરિબ (West) તરફ અને એનું માથું મશરિક (East) તરફ હોવું જોઈએ. જેથી એને જે વકત ઊભા કરવામાં આવે તો એનું મૂઁહ કિબ્લારૂખ હોય.

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, જે વકત તું કોઈ મુસલમાનના નઝદીક એના નઝઅના વકત પર હાઝિર થાય યાઅની એની મૌતનો લમ્હો કરીબ હોય તો એને કલેમતુશશહાદત **“અશહદો અન લાઇલાહા ઇલ્લલ્લાહો વહદહુ લા શરીકા લહુ વઅશહદો અન્ના મોહંમદન અબ્દોહુ વ રસૂલોહુ”** પઢવાની હિદાયત દે. જો એ શખ્સ આ કલેમો પઢવાની સુલાહીયત ન રાખતો હોય તો એના નઝદીક કોઈને પણ આ કલેમાહ ને પઢવો જોઈએ.

આપ (અ.સ.) એ ફરમાવું કે, જે શખ્સ કોઈ બીમારનો જાન નીકલવાને વકત એના નઝદીક જાય તો એના માથા પાસે બેસીને “આયતુલ કુરસી” અને તેના પછીની બે આયતોની તિલાવત કરે, તે બાદ સૂરએ યૂનુસની તીસરી આયતને પઢે જેની ઈબ્તેદા છે, “ઈન્ના રબ્બકોમુલ લાહિલ્લઝી ખલકસ્સમાવાતે.....”, તે બાદ સૂરતુલ બકરાહની આખિરી ત્રણ આયતો પઢે જેની ઈબ્તેદા છે, “લિલ્લાહે મા ફિસ્સમાવાતે વમા ફિલ અરઝે.....”, તે પછી આખિરમાં આ મુજબ દોઆ પઢે, “અલ્લાહુમ્મા અખ્રિજહા મિન્હો એલા રેઝન મિન્કા વ રિઝવાન. અલ્લાહુમ્મા લક્કેહિલ બુશરા. અલ્લાહુમ્મા ઈગફિર લહુ ઝોનૂબહુ વરહમહો”, યાઅની, “અય અલ્લાહ, એ નફસને એના જિસ્મ માંથી તારી રિઝા અને રિઝવાન તરફ નીકાલ. અય અલ્લાહ, એ મૈયતને ખુશખબરી સંભલાવ અને એના ગુનાહો મઆફ કર અને એને રેહમત કર.” ★